૭૦૧ / ૧,૭૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**(‘વચનામૃત’ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. ગ.પ્ર. ૭૧ પ્રમાણે એવો કયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે.
૨. અનુતાપ - પરિતાપ
૩. આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાથી નિવૃત્તિ થઈ કહેવાય.
૪. ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા સંતની સમજણ તથા લક્ષણો
૫. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. પંચ ઇન્દ્રિયો દ્વારે ....... પણ અંતઃકરણ નથી.
૨. એવી નિષ્ઠાવાળો ....... ઉદ્ધાર થાય છે.
૩. આત્મનિષ્ઠા તો હોય ....... ભક્ત નથી પામતો.
૪. માટે દેહ અને દેહના ........ સાધુ કહેવાય.
૫. પરમેશ્વરની વાતમાં ....... જેવા ગુણ આવે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. પંચ વર્તમાન ૨. ઇન્દ્રિય નિગ્રહ

**(‘સ્વામીની વાતો’ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (ગુણ ૫)

૧. શ્રીજીમહારાજ અને મોટાં સંતની દૃષ્ટિ ક્યારે થાય છે ?
૨. મહારાજ મનવારોની પૂરણી કેવી રીતે કરવા વિચારે છે ?
૩. મહારાજ અને સંતને પોતાના જેવા મનુષ્ય જાણે છે તે ઉપર સ્વામી કયો શ્લોક બોલ્યા ?
૪. મોટા સાધુ શું જોઈને રાજી થાય છે ?
૫. મહતત્ત્વ શેનાથી દસ ગણું મોટું છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. મોટા એકાંતિક સાધુ છે તે દ્વારે તો ...................... અખંડ રહ્યા છે. (મર્યાદા પુરુષોત્તમ રામ, મહારાજ, શ્રીકૃષ્ણ)
૨. સર્વોપરીપણા માટે સ્વામીએ ...................... વચનામૃત વંચાવ્યું. (ગ.મ.૭, ગ.મ.૯, ગ.અં.૩૮)
૩. સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય પણ તેનો ...................... ન આવે. (અભાવ, વિશ્વાસ, કેફ)
૪. તમારે તો આ ...................... નું વેજું છે. (બ્રહ્માંડ, પૃથ્વી, લોક)
૫. જેને જેટલું ભૂંડું આચરણ થાય છે, તેને ...................... થાય છે. (તેટલો સ્વભાવ, તેટલી માહાત્મ્યમાં કસર, તેટલો કુસંગ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. સ્વમુખે મહિમા ૨. આજ્ઞા ૩. સ્વરૂપાનંદ સ્વામીની મોટપ

**(‘ભગતજી મહારાજ’ના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. મહુવામાં ભગતજીએ સંતોને આપેલું સુખ
૨. ભગતજીનો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પક્ષ
૩. ભગતજી મહારાજનો દેહનો અનાદર
૪. ભગતજી મહારાજનો ગુણાતીતાનંદ સ્વામી સાથેનો સંબંધ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. બાળચરિત્રો દ્વારા ઉપસતી ભગતજીની પ્રતિમા
૨. સાધુતાનો કસબ
૩. સહજાનંદ સ્વામીનો કર્યો પણ વિમુખ નહિ થાઉં - ભગતજી મહારાજ
૪. ભગતજીએ ચંદની સીવ્યા પછી સ્વામીશ્રીનો રાજીપો.

**નોંધ :- (૧) પ્રશ્ન-૧(બ)ના મુખપાઠ કરવાનાં ‘અવતરણો’ નવાં બહાર પડેલાં છે. તે મુજબ મુખપાઠ કરવો.**
**(૨) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**
**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૧(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૭૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- | | | | | | |

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- | | | | |

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**